# મારો દીવડો ઝગમગ રાખજે

જગ દીપકની આગળ નાનો, દીવડો શું પ્રગટાવું?
જ્યોતિર્ધરની પાસે હું શું, પામર જ્યોત જલાવું?

જગત પિતા છો બાળક હું શું,  ગુણગાન શા ગાઉં?
આતમને અજવાળી દેજો, કેવળ એટલું માંગું
કેવળ એટલું માંગું

મારો દીવડો ઝગમગ રાખજે ઓ જગનાં રાખણહારા (૨)
મારી જ્યોત જલાવી રાખજે ઓ જગનાં રાખણહારા  (૨)
મારો દીવડો ઝગમગ રાખજે ઓ જગનાં રાખણહારા (૨)

મનડાનાં મંદિરમાં માલિક, મુકને તારી માયા
મુકને તારી માયા
સળગંતા સંસારે દેજે, શીતલ તારી છાયા
શીતલ તારી છાયા

મનડાનાં મંદિરમાં માલિક, મુકને તારી માયા
સળગંતા સંસારે દેજે, શીતલ તારી છાયા

મારી નૈયા તરતી રાખજે, ઓ જગનાં રાખણહારા
મારો દીવડો ઝગમગ રાખજે ઓ જગનાં રાખણહારા (૨)
મારી જ્યોત જલાવી રાખજે ઓ જગનાં રાખણહારા (૨)

તન તંબુરનાં તારે તારે, તુંહી તુંહી પોકારું
તુંહી તુંહી પોકારું
અંતરનાં આંગણીએ આસન, આપીને પધરાવું
આપીને પધરાવું

તન તંબુરનાં તારે તારે તુંહી તુંહી પોકારું
અંતરનાં આંગણીએ આસન આપીને પધરાવું

મારું ગીત સુરીલું રાખજે, ઓ જગનાં રાખણહારા
મારો દીવડો ઝગમગ રાખજે ઓ જગનાં રાખણહારા (૨)
મારી જ્યોત જલાવી રાખજે ઓ જગનાં રાખણહારા (૨)
(ચગાવવું....)